પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૫ | ૨૫ જુલાઈ, ૨૦૨૨, સોમવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિશ્વભરમાં મોંઘવારીનો વધતો ગ્રાફ

**મોંઘવારીનું મીટર હવે ઉપર જઈ રહ્યું છે : એક રૂપિયા વધુ ખર્ચવા પર પણ વિચાર કરવો પડે : ખાણીપીણીની કિંમતો વધી છે : વિકાસશીલ દેશો ઉપરાંત સિંગાપોર જેવી એડવાન્સ અર્થવ્યવસ્થાવાળો દેશ પણ પીડિત**



નવી દિલ્હી, તા.૨૪

દુનિયાભરમાં મોંઘવારી આભને આંબી રહી છે. મોંઘવારી વચ્ચે લોકો પરેશાન થઈ રહ્યાં છે. લોકો સૌથી વધુ પરેશાન ખાણીપીણીની વધતી કિંમતોથી થઈ રહ્યાં છે. વિકાસશીલ દેશો ઉપરાંત સિંગાપોર જેવી એડવાન્સ અર્થવ્યવસ્થાવાળો દેશને પણ તેનાથી પીડિત છે. ઘરેલુ કિંમતોને કાબૂ કરવામાં અનેક દેશોએ એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવી દીધો છે. પીટીઆઈના ખબર અનુસાર, મલેશિયાએ ગત મહિના જીવતા બોઈલર ચિકનના એક્સપોર્ટ પર પ્રતિબંધ લગાવ્યો છે. મલેશિયા સૌથી વધુ સંખ્યામાં પોલ્ટ્રીનું ઈમ્પોર્ટ કરનારો સિંગાપોર દેશ પણ તેનાથી પ્રભાવિત છે.

તેલથી લઈને ચિકન સુધીની કિંમતોના ભાવ વધી રહ્યાં છે. જેને કારણે આ વેપાર સાથે સંકળાયેલા લોકો ભાવ વધારો કરી રહ્યાં છે. આ કારણે લોકોની ખાણીપીણીની વસ્તુઓના ભાવ ૧૦થી ૨૦ ટકા વધી ગયા છે. આ કારણે લોકોને પોતાનુ વસ્તુઓ માટે વધુ રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે અથવા તો પોતાની ખાણીપીણી પર કન્ટ્રોલ

● અનુસંધાન પાન-૭ પર

## દેશની રાજધાની દિલ્હીમાં મંકીપોક્સનો પ્રથમ કેસ

**હિમાચલથી ફરીને આવ્યો હતો વ્યક્તિ : વ્યક્તિ હાલ દિલ્હીની એલએનજેપી હોસ્પિટલમાં ભરતી છે, બે દિવસ પહેલાં તાવ અને ચકામા શરીર પર થતાં ભરતી કરાયો : કુલ કેસની સંખ્યા ચાર થઈ**

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હીમાં પ્રથમ મંકીપોક્સનો કેસ સામે આવ્યો છે. મળતી માહિતી અનુસાર દિલ્હી નિવાસી ૩૧ વર્ષીય વ્યક્તિ સંક્રમિત મળી આવ્યો છે. તે વ્યક્તિ હાલ દિલ્હીની એલએનજેપી હોસ્પિટલમાં ભરતી છે. બે દિવસ પહેલાં તાવ અને ચકામા શરીર પર થતાં ભરતી કરવામાં આવ્યો. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે સંક્રમિત વ્યક્તિ ગત થોડા દિવસો અગાઉ હિમાચલ પ્રદેશ ફરીને આવ્યો છે. જોકે તેની કોઈ વિદેશ યાત્રાની હિસ્ટ્રી સામે આવી નથી. ભારતમાં અત્યાર સુધી મંકીપોક્સના ચાર કેસ સામે આવી ગયા છે. તેમાંથી ત્રણ કેરલમાં છે. તમને જણાવી દઈએ કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું કે ૭૦થી વધુ દેશોમાં મંકીપોક્સનો પ્રસાર એક વૈશ્વિક આપાત સ્થિતિ છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર શનિવારે તેના સેમ્પલ ઈંસ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજી (એનઆઈવી) પૂણે મોકલવામાં આવ્યા હતા, જે પોઝીટિવ મળી આવ્યા. ડબ્લ્યૂએચઓના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૨ થી

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના નેતાઓને સ્મૃતિ ઈરાની દ્વારા લીગલ નોટિસ

**પુત્રી પર ટિપ્પણી કરનાર કોંગ્રેસ નેતા પવન ખેડા, જયરામ રમેશ, નીતા ડીસૂઝા અને કોંગ્રેસને કાયદાકીય નોટિસ**

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીની પુત્રીને લઈને કોંગ્રેસના આરોપો પર વિવાદ વધી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ આ મુદ્દે આમને-સામને છે. હવે સ્મૃતિ ઈરાનીએ પોતાની ૧૮ વર્ષીય પુત્રી પર ટિપ્પણી કરનાર કોંગ્રેસ નેતા પવન ખેડા, જયરામ રમેશ, નીતા ડીસૂઝા અને કોંગ્રેસને કાયદાકીય નોટિસ મોકલી છે.

સ્મૃતિ ઈરાનીએ બિનશરતી લેખિતમાં માફી માંગવા અને આરોપોને તત્કાલ પ્રભાવથી પરત લેવાનું કહ્યું છે. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે સ્મૃતિની પુત્રી ગોવામાં ગેરકાયદેસર રૂપથી બાર ચલાવી રહી છે.

આ આરોપ લગાવતા કોંગ્રેસે પીએમ મોદીને અપીલ કરી કે સ્મૃતિ ઈરાનીને મંત્રી પદેથી હટાવી દેવામાં આવે.

કોંગ્રેસના આરોપો પર સ્મૃતિ ઈરાનીએ શનિવારે કોંગ્રેસ નેતાઓને લીગલ નોટિસ મોકલવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેમની ૧૮ વર્ષની પુત્રી જોઈશ કોલેજની પ્રથમ વર્ષની છાત્રા છે. તે બાર ચલાવતી નથી. મારી પુત્રીની ભૂલ તે છે કે તેના માતાએ સોનિયા અને રાહુલ ગાંધી દ્વારા ૫૦૦૦ કરોડ રૂપિયાની લૂટ પર પત્રકાર પરિષદ યોજી. હું કાયદાની અદાલત, લોકોની અદાલતમાં જવાબ માંગીશ. તેમણે કોંગ્રેસ પર હુમલો કરતા કહ્યું હતું કે વિપક્ષી દળે તેમની પુત્રીનું જાહેર રૂપથી ચરિત્ર હનન કર્યું છે.

ઈરાનીની પુત્રીના વકીલ કીરત નાગરાએ કહ્યુ કે, તેમના કલાયન્ટ સિલી સોલ્સ નામની રેસ્ટોરન્સની ન તો માલિક છે અને ન તેનું સંચાલન કરે છે. તેને કોઈ કારણ દર્શાવો નોટિસ મળી નથી. નાગરાએ કહ્યુ કે, અંગત સ્વાર્થવાળા ઘણા લોકો દ્વારા ખોટી, દૂર્ભાવનાપૂર્ણ અને અપમાનજનક સોશિયલ મીડિયા પોસ્ટ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર


## ભારતને સતત ઉશ્કેરતું ડ્રેગન

લદ્દાખ, તા.૨૪

તમામ ચેતવણી છતાં ચીન ભારતને ઉશ્કેરવાનું છોડી રહ્યું નથી. કોર કમાન્ડર સ્તરની વાતચીત થયા બાદ પણ ચીની લડાકૂ વિમાન પૂર્વી લદાખમાં લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલની નજીક ઉડાન ભરી રહ્યાં છે. છેલ્લા ત્રણ-ચાર સપ્તાહમાં ઘણીવાર આ ગતિવિધિ જોવા મળી છે. ચીની વિમાનોની આ હરકતને સરહદ પર ભારતીય રક્ષા સિસ્ટમની જાસૂસી તરીકે જોવામાં આવી રહી છે. ભારતીય વાયુસેના સ્થિતિ પર નજર રાખી રહી છે.

## આઝાદીમાં અસંખ્ય લોકોનું યોગદાન છે : રામનાથ કોવિંદ

**રામનાથ કોવિંદે જનતાને છેલ્લીવાર સંબોધિત કરી : હું તે અવસરોને યાદ કરીશ જ્યારે મને સશસ્ત્ર દળો, અર્ધ-સૈન્ય દળો, પોલીસના બહાદુર જવાનોને મળવાની તક મળી**



નવી દિલ્હી, તા.૨૪

રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ તરીકે દેશની જનતાને છેલ્લીવાર સંબોધિત કરી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પદ છોડવાની પૂર્વ સંધ્યા પર કહ્યું કે ૫ વર્ષ પહેલાં હું તમારા દ્વારા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના માધ્યમથી રાષ્ટ્રપતિના રૂપમાં ચૂંટાયો હતો. રાષ્ટ્રપતિના રૂપમાં મારો કાર્યકાળ આજે સમાપ્ત થઈ રહ્યો છે. હું તમારા બધા અને તમારા જનપ્રતિનિધિઓ પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કરવા ઈચ્છુ છું.

રામનાથ કોવિંદે સમગ્ર દેશવાસીઓનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું, મને કિસાન અને મજૂરો પાસેથી પ્રેરણા મળી. દેશના વિશ્વાસનો આભાર વ્યક્ત કરૂ છું. રાષ્ટ્રપતિ કાર્યાકાળ દરમિયાન તમામ વર્ગોનો સહયોગ મળ્યો. તેમણે કહ્યું કે, દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આપણે નાયકોને યાદ કરી રહ્યાં છીએ. જનતા રાષ્ટ્રની નિર્માતા હોય છે. આઝાદીમાં અસંખ્ય લોકોનું યોગદાન રહ્યું છે. ગાંધીજીએ દેશને નવી દિશા આપી. દેશમાં નવી આશાનો સંચાર થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## વોશિંગટનમાં આડેધડ ગોળીબાર : એકનું મોત

વોશિંગટન, તા.૨૪

સંયુક્ત રાજ્ય અમેરિકામાં હાલમાં ગોળીબારીની ઘટનાઓ સામાન્ય થતી જાય છે. જેના લીધે ત્યાં રહેનારા લોકોમાં સુરક્ષાને લઈને ખૂબ ચિંતા જોવા મળી રહી છે. તાજેતરમાં શનિવારે સવારે વોશિંગટનના રેંટન શહેરમાં ગોળીબારીની ઘટનાની જાણકારી મળી હતી. ગોળીબારી દરમિયાન એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય છ ઘાયલ થયા હતા.

સીએનએનના રિપોર્ટ અનુસાર શનિવારે સવારે રેંટનના સિએટલ ઉપનગરમાં એક શૂટિંગની ઘટના થઈ, જેમાં ગોળી વાગવાથી એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. તો બીજી તરફ છ લોકો ઘાયલ થયા છે. જેમણે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રેંટન પોલીસ પ્રવક્તા સેંડ્રા હૈવલિકના અનુસાર જાણકારી મળી છે આ ઘટના સ્થાનિક સમયાનુસાર સવારે ૧ વાગ્ય પહેલાં રેંટન શહેરમાં સર્જાઈ છે.

રેંટન પોલીસના અનુસાર ઘટનાસ્થળ પર પહોંચતાં તેમને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ મળ્યો હતો. જેનું ઘટનાસ્થળે જ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. તો બીજી તરફ વ્યક્તિની મદદ કરતી વખતે પોલીસ અને ફાયરબ્રિગેડની એક મોટી અને ઉત્તેજિત ભીડનો સામનો કરવો પડ્યો. હાલ છ અન્ય પીડિતોને પણ ગોળી વાગી છે.

કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી.
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે

Zydus Hospitals Cancer Centre

28 જુલાઈ, ગુરૂવારના રોજ
ડૉ. નહુષ ટહિલિયાણી
MD, DM
(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત

મહિનાના બીજા અને ચોથા ગુરૂવારે
ઉપલબ્ધ સારવાર
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા

સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

## દેશમાં કોરોનાના ૨૦,૨૭૯ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૪

દુનિયામાં કોરોનાના વધતા જતા કેસે ફરી એકવાર ચિંતા વધારી દીધી છે. તો બીજી તરફ ભારતમાં ગત ૨૪ કલાકમાં કોવિડના ૨૦,૨૭૯ નવા કેસ સામે આવ્યા છે. જો બે દિવસની વાત કરીએ તો ૨૧,૮૮૦ નવા કેસ સામે આવ્યા છે. આ હિસાબથી કોરોનાના નવા કેસની સંખ્યા વધી ગઈ છે. જોકે આ આંકડા સતત વધઘટ થઈ રહ્યા છે. તો બીજી તરફ કોરોનાથી લોકોના મોતના સમાચારની વાત કરીએ તો ગત ૨૪ કલાકમાં ૩૬ લોકોના મોત થયા છે. આ આંકડો બે દિવસ પહેલાં ૬૦ પહોંચી ગયો હતો. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજા આંકડા અનુસાર અત્યારે ભારતમાં કોરોનાના કુલ કેસ ૪,૩૮,૮૮,૪૫૫ છે.



SHALBY MULTI-SPECIALTY HOSPITALS

ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલ, બોપલ, અમદાવાદ અને સિનિયર સિટીઝન વર્લ્ડ ના સહયોગથી
ઘૂંટણ અને સાંધા સંબંધિત સમસ્યાઓ માટે આયોજીત

નિઃશુલ્ક નિદાન કેમ્પ

26.07.2022, મંગળવાર | સવારે 10.00 થી બપોરે 1.00 વાગ્યા સુધી
સ્થળ: બાબુભાઈ જી. પટેલ નગર પાલિકા ભવન, કલેક્ટર કચેરી પાસે, સેક્ટર-11, ગાંધીનગર

કેમ્પમાં ડૉ. વિક્રમ શાહ ની
આર્થ્રોપ્લાસ્ટી ટીમના નિષ્ણાત ડૉક્ટર્સ દ્વારા નિદાન ઉપલબ્ધ

સંપર્ક - કે.બી.બારોટ, પ્રેસિડેન્ટ - સિનિયર સિટીઝન વર્લ્ડ, અમદાવાદ. મો. 9824050909
રજિસ્ટ્રેશન માટે સંપર્ક: 7069001001, 9512008155
ક્રિષ્ના શેલ્બી હૉસ્પિટલ, બોપલ: 319, ગ્રીન સિટી, ઘૂમા, વાયા બોપલ, અમદાવાદ.

